

# ભારતીય સાહિત્ય

**પ્રા.કમલેશ ડી. પટેલ**
**ગુજરાતી વિભાગ,**
**ડી.એન.પી. આર્ટસ અને કોર્મસ કોલેજ, ડીસા.**

દરેક રાષ્ટ્રને કે એ રાષ્ટ્રની પ્રજાને પોતાનું આગવું વ્યક્તિત્વ છે, આગવું ચારિત્ર્ય છે, આગવી સભ્યતા છે, આગવી સંસ્કૃતિ છે, આગવી પરંપરા છે, આગવો ઇતિહાસ છે, આગવી જીવન દ્રષ્ટિ છે. આ દેશની પ્રજા પાસે હજારો વર્ષોની સાંસ્કૃતિક સભ્યાતાની મૂડી છે. આ દેશે તો પરદેશી પ્રજાના આક્રમણો સહન કર્યા છે. આ દેશના રોમાંચક ઇતિહાસની સાક્ષી પૂરતી ઐતિહાસિક ઇમારતો છે.

આ જ દેશ એવો છે કે જ્યાં જન્મ, મરણ, પુનઃ જન્મ, પ્રારબ્ધ, કર્મફળ, પાપ-પુણ્ય, નીતિ-અનીતિ, ઈશ્વર વગેરે જેવા ખ્યાલો પ્રજાની ચેતનામાં ઓતપ્રોત થઈ ગયા છે . આ દેશના પ્રજાજનોની જીવન દ્રષ્ટિમાં તપ , ત્યાગ, દાન અને સંયમનો મહિમા છે . આ દેશની પ્રજાના જીવનનો આદર્શ છે સત્યમ , શિવમ અને સુંદરમ અહિંસા અને અપરિગ્રહ એ દેશના લોકોની ભાવના છે . શાંતિપ્રિયતા, સમષ્ટિનિષ્ઠા, સમન્વયશીલતા, સહિષ્ણુતા, તિતિક્ષા વગેરે આ દેશની પ્રજાના લક્ષણો છે. આ બધા કારણે વિશ્વની પ્રજાઓ કરતાં ભારતીય પ્રજા જુદી પડે છે અને એનું સાહિત્ય પણ વિશિષ્ટ છે તો પછી એની વિભાવના અંગે શા માટે વિચારી ન શકાય?

આપણે જો 'ભારતીય સાહિત્ય' ની વિભાવના અંગે વિચારતા હોઈએ તો ભારત , ભારતીય અને ભારતીયતા જેવા ત્રણેય સંપ્રત્યયો વિષે ઊંડાણથી વિચારી લેવું પડશે.

ભારત એટલે શું ?... કોઈ ભૌગોલિક નકશો ? રાજા મહારાજાઓના પતનની વંશાવળી ? રાજકીય પક્ષોના ચૂંટણી ઢંઢેરાઓ ? રાજકારણીઓએ દાટી દીધેલો ઇતિહાસ ?પ્રધાનોને રાજકારણીઓએ દાટી દીધેલો ઇતિહાસ ? પોતાની જાતને ભગવાન કે સ્વામી માનતા લેભાગુઓ? છે? ના..... આ ભારતની સાચી ઓળખ નથી. ભારત જ એક એવો દેશ છે જે અઢારેય વરણને સમાવે છે . દુનિયાના બારેબાર ધર્મો, વિવિધ પંથો, વિવિધ મતો, વિવિધ માર્ગો, વિવિધ સંપ્રદાયો ધરાવતી પ્રજા માત્ર ભારતમાં જ છે . ભારત એ તો તંત્ર -મંત્ર, યોગ-ભોગ, ધર્મ-કર્મ વગેરેનું સંગમ તીર્થ છે. અનેકતામાં એક્તા, ભેદમાં અભેદ, વિવાદમાં સંવાદ, પિંડમાં બ્રહમાંડને શોધતી એક લાક્ષણિકતા છે.

આ માટે મહાત્મા ગાંધીનો એક લેખ વાંચી જવો ખૂબ જરૂરી છે . " હું બીજી સંસ્કૃતિથી દૂર રહેવાનું કે આપની આસપાસ દીવાલો ખડી કરવાનું નથી કહેતો , પણ હું એટલું જરૂર કહીશ કે આપણે પોતાની સંસ્કૃતિની કદર કર્યા પછી જ આપણે બીજી સંસ્કૃતિઓની વાત કરી શકીએ, તે પહેલા નહીં. મારો દ્રઢ મત છે કે આપણી સંસ્કૃતિ પાસે જેટલા ભંડારો છે એટલા બીજી કોઈ સંસ્કૃતિ પાસે નથી . આપણે આપણી સંસ્કૃતિ પિછાની નથી. ઊલટું આપણને તેના અભ્યાસ અંગે કેળવવાનું અને તેની કિંમત ઓછી આંકવાનું જ શીખવવામાં આવ્યું છે. આપણે આપણી સંસ્કૃતિ મુજબ આચરણ કરતાં લગભગ અટકી ગયા છીએ . આપણી સંસ્કૃતિ અનુસાર ના જીવીએ તો એક સમાજ તરીકે આપણે અપરાધ વહોરી લઈશું. મારો ધર્મ જેમ મને મારી સંસ્કૃતિ મુજબ જીવવાનો આદેશ આપે છે તેમ બીજી સંસ્કૃતિઓને ઉતારી , પાડવાની કે તેમની અવગણના કરવાની મના કરે છે."

આપણે ભારત એટલે શું ? એની ચર્ચા કરી . હવે ભારતીય કોણ છે ? તેની ચર્ચા કરીશું . તમે ઘરનો ઉંબરો ઓળંગતા કે ખેતરનો શેઢો ઓળંગતા દાદા ખેતરપાળને જો કોઈ વંદન કરતાં દેખાય તો તે ભારતીયજ હશે . ભારતીય એ છે કે જે અડીઓપડી વખતે ઈષ્ટ દેવની કે કુલદેવની માનતા રાખે છે. પોતાના કલ્યાણ માટે કે બીજાના કલ્યાણ માટે બાધા રાખે છે . સારા માઠા પ્રસંગે ઘરમાં કથા કે કીર્તન કરાવે છે . મરતી વખતે મોંમાં ગંગાજલ લેવા ઝંખે છે . પિતાના તર્પણ વખતે કાગડાઓને વાસ નાંખે છે . વૃક્ષને અને ખાસ કરીને પિંપળાને કાપવામાં અપરાધભાવ અનુભવે છે. આવી કોઈ પણ વ્યક્તિ જગતના કોઈ પણ ખૂણે હોય તો માનવી કે એ ભારતીય છે.

સંતાન વાહિતા , સમદ્રષ્ટિ , ભાગીદારી , ' सहनाववतु सहनौ भुनक्तु , सह्विर्य करवावहे ' ની ભાવના સંવાદિતા , સહજતા , સહિષ્ણુતા, આધ્યાત્મિકતા, પરંપરાગતતા, નિરંતરતા, રહસ્યમયતા, આનંદમયતા એ ભારતીયતાના દ્યોતક લક્ષણો છે . તો પછી ભારતીયતા એટ્લે શું? એ પણ એક વિચાર માંગી લે તેવો પ્રશ્ન છે. જે વ્યક્તિમાં ભૌતિકતા કરતાં અંતરની પવિત્રતાને પ્રગટ કરતી આધ્યાત્મિક્તા તો એ પણ અમૃતનું સંતાન માને એ વ્યક્તિની ભારતીયતા છે . જીવન અને જગતને શોકનું નહીં પણ આનંદ ઉલ્લાસનું અધિષ્ઠાન માને એ વ્યક્તિની ભારતીયતા છે, જે વ્યક્તિમાં અન્યના વિચારને સાંભળવા, સમજવા, સ્વીકારવાની ધીરજ છે એ તે વ્યક્તિની ભારતીયતા છે . પુત્ર કે પુત્રીને પોતાના વારસાનો અધિકારમાંથી વ્યક્તિ માત્ર પુત્ર કે પુત્રી સુધી એ વાતને સીમિત ન રાખતાં નદી , પર્વત, વૃક્ષ, વેલી, પશુ, પંખીઓ સુધી એ વારસાની યાદીને લંબાવે તે એની ભારતીયતા છે . નાની મોટી બાબતોમાં સ્વાર્થી ગણતરીઓને બાજુમાં રાખીને પરમાર્થની ભાવના રાખે એ ભારતીયતાની નિશાની છે.

ભારતીય સાહિત્ય

જે સાહિત્ય ભારતીય પ્રજાની સંવેદનાઓ , સમસ્યાઓ, લાગણીઓનું વાહક હોય તે સાહિત્ય ભારતીય સાહિત્ય કહેવાય . જે સમસ્યાઓ, સંવેદનાઓ આલેખ પામી છે એ બધી સમસ્યાઓ , સંવેદનાઓ, લાગણીઓને ભારતીય પ્રજા જ અનુભવતી હોય છે . તો પછી પ્રશ્ન થાય કે ભારતીય સંવેદનાઓ કઈ કઈ છે ? એ સમસ્યાઓ કઈ કઈ છે ? તેના જવાબમાં કહી શકાય કે ભારતીય પ્રજાએ હંમેશા નર - નારીના પ્રેમસંબંધને અભિવંદ્યો છે. માણસમાં રહેલી માનવતામાં આસ્થા રાખી છે . મુક્તિની કામના કરી છે. ભારતીય સમાજમાં ગૃહ અને પ્રેમનું અધિષ્ઠાન છે નારી . પશ્ચિમની પ્રજા માફક ભારતીય પ્રજા સ્ત્રીઓને ભોગ્ય સ્વરૂપે નહીં પણ મૈત્રી , માતા, રંભા રૂપે સ્વીકારે છે . ભારતીય પ્રજાની માન્યતા છે કે સંસારની યોજનામાં સ્ત્રી મમતાભરી અને દયામયી છે . જગતના ગમે તેવા અનિષ્ટ અને અમંગળ ઉપર , દુરિત અને પ્રેયસ ઉપર તે પોતાના પ્રેમ અને આત્માભોગ વડે વિજય મેળવી શકે છે.

ભારતીય સાહિત્યમાં નારી ભાવના

ભારતીય સાહિત્યમાં રહેલી નારી ભાવનાની વાત કરીએ તો ભારતીય પ્રજા સ્ત્રી ને માતા, બહેન, પત્ની અને ભાભી -એવા બધા સ્વરૂપોમાં અદભૂત શ્રધ્ધા ધરાવે છે . બહેનોનો નિર્વ્યાજ સ્નેહ અને ભાભીનો મનમેળ ભાવ ઋણાનુબંધની ઋજુ ગરવી કવિતા સમો છે . પત્નિનો પ્રેમ જન્મ -જન્માંતરનો છે . માતાના પ્રેમમાં આવિર્ભાવ છે તો કુટુંબ કે એથી અન્ય કોઈ પ્રકારની સીમા નથી , પત્નિની સહનશીલતા અને સમર્પણ ભાવના તેમજ માતાની મમતા અને વાત્સલ્યમાં આ ભારતીય પ્રજાને ઊંડો વિશ્વાસ છે . સ્ત્રી વિષયક આવા ભાવો અને ખ્યાલો ભારતીય સંવેદનાનું એકરૂપ છે લોહીની સગાઈ.

ભારતીય પ્રજાએ નરનારીનાં જોડલાની 'ઉરદોરી એક' કલ્પી છે તેથીજ પ્રેમને એમને જોડનાર કોઈ આંતર હેતુરૂપે ઓળખ્યા છે , જ્યારે કામને વામ કહીને ઓળખાવ્યો છે . લગ્નને સોળ સંસ્કારો પૈકી એક સંસ્કાર અને અતૂટ જીવનબંધનની ભાવનારૂપે સ્વીકાર્યું છે . રામસીતા, રાધાકૃષ્ણ, શિવપાર્વતી, સત્યવાન સાવિત્રી, નળ દમયંતીની કથાનકો આ કારણે તો તેના આદર્શ આદ્યરૂપો બન્યા છે . ભારતીય પ્રજાની નારીભાવના અને પ્રણયભાવના એના યોગ્ય અને અનુત્તમ રૂપમાં કાલિદાસના 'શાકુંતલ' માં, ભવ ભૂતિનાં 'ઉત્તરરામચરિત' માં, ટાગોરની 'ચિત્રાંગદા' માં, મૈત્રેયી દેવીની 'ન હન્યતે' માં પ્રગટ થઈ છે.

ભારતીય સાહિત્યમાં માનવતાનું નિરૂપણ

ભારતીય પ્રજાએ માનસમાં રહેલ મહાનતા અને ઉદાત્તતાનો ખ્યાલ સ્વીકાર્યો છે . માણસની ખરી કિંમત તેની માણસાઈમાં ગણી છે . માનવધર્મને મોટો ધર્મ માન્યો છે. ' ज नानुषात् श्रेष्ठतर हि किंचित् ' એ 'મહાભારત' કાર વ્યાસની વાણીનો પ્રતિઘોષ બંગાળી કવી લડુ ચંડીદાસે કર્યો છે. આ રીતે- ' સાબાર ઉપરે માનુષ સત્ય તાહાર ઉપર નાઈ '. આ સંસારનું સૌથી મોટું અને છેલ્લું સત્ય માણસને માન્યું છે . પશ્ચિમની પ્રજાની મૂળભુત માન્યતા છે કે ' માણસ પાપનું ફરજંદ છે '. જ્યારે માણસ મૂળભુત રીતે પા પી છે. એવા વલણની સામે રહીને ભારતીય સર્જકોએ, ખાસ કરીને શરદબાબુએ લખ્યું છે . તેઓએ એક સ્થળે લખ્યું છે : 'ત્રુટી, ભૂલ, અપરાધ, અધર્મ એજ માણસોનું સર્વસ્વ નથી તેની અંદર જે સાચો માણસ છે , જેને આપણે આત્મા કહીએ તો પણ ચાલે , તે તેના બધા અપરાધો કરતાં મહાન છે . મારી સાહિત્ય કૃતિઓમાં તેનું હું અપમાન નહીં કરું. એજ મારી ઈચ્છા છે'. સાધારણ કે પામર જણાતી વ્યક્તિઓમાં પણ ક્યાંક કોઈ ઉત્તમાંશ હોય , એવા ગૂઢ સદ્‌ગુણો માટે પણ તેઓને આદરણીય ગણ્યા છે . નિતાંત પતિત વ્યક્તિમાં પણ ક્યાંક ઊંડે ઊંડે અખૂટ સૌજન્ય હોવાની વાત સ્વીકારી છે. સ્ખલનશીલ માનવીની ભીતર જે મનુષ્ય રહ્યું હોય છે તેને પ્રમાણવાનો ભારતીય સાહિત્યકારે સદાસર્વદા પ્રયત્ન કર્યો છે.

- ભારતીય સાહિત્યનો મુખ્ય ગુણ અધ્યાત્મિકતા

ભારતીય પ્રજાની માનસિકતામાં અધ્યાત્મિકતા, રહસ્યમયતા અને આંતરદ્રષ્ટિપરક આધ્યાત્મિકતા ઓતપ્રોત છે . ભારતીય પ્રજા મૂળભૂત રીતે ધર્મભાવનાવાળી, શુભ, શિવ અને મંગલનાં તત્વોમાં આસ્થા રાખનારી પ્રજા છે . એને મન ધર્મ એટલે સંપ્રદાય , પંથ કે ફિરકાઓ નહી , પણ પોતાને ધારણ કરનારાઓ આંતરિક સંબલ એટલે ધર્મ . ધર્મ એટલે ધર્માચરણ. સંસારના શુભ, શિવ, મંગલને અનુકૂળ રીતે આંતરભાવને વ્યક્ત કરતો એનું નામ ધર્મભાવના . આવી ધર્મભાવના દાખવી જેમણે જીવનભર ધર્મઆચરણ કર્યું . એ શ્રીરામ, યુધિષ્ઠિર, રાજા હરિશ્ચંદ્ર વગેરે એ ભારતીય પ્રજાના ચિત્તમાં પોતાનું કાયમી સ્થાન પ્રાપ્ત કર્યું છે . એક ઉદ્દત અને એક ઉચ્છૃંખલ રાજસત્તાએ એક સતીના શીલ અને સ્વમાનનું અપમાન કર્યું અને ધર્મની ગ્લાની થઈ ત્યારે ધર્મની પુન :સંસ્થાપના માટે કુરુક્ષેત્રનું યુધ્ધ ખેલાયું અને શ્રીકૃષ્ણએ હાથમાં ધુરા અને શત્ર સંભળાવ્યા. ' ધર્મે જય અને પા પે ક્ષય' એ સરેરાશ ભારતવાસીની માન્યતા છે . આ ધર્મનું તત્વ અકળ અને આચ્છાદિત છે , ગૂઢ અને ગુહ્ય છે. એટલે ગૂઢ અને ગુહ્ય વિદ્યા તરફ અને જીવન , જગત, જીવન અને શિવની અકળ સ્થિતિગતિ અંગે એક જાતના રહસ્યાત્મક વલણ તરફ ભારતીય પ્રજા માનસનો ઝોક છે.

ભારતીય પ્રજાએ સ્થૂળ ભાવબંધનો અને જન્મજન્માંતરના ફેરામાંથી મુક્તિ પામવાની કામના હંમેશ સેવી છે . એ કારણે સૃષ્ટિમાં પ્રવર્તતા કર્મના સાર્વભોમ નિયમમાં અને નીતિમાં સામ્રાજ્યમાં વિશ્વાસ રાખ્યો છે. જીવનના ચાર પુરુષાર્થોની યોજના વિચારી છે. નિષ્કામ ભાવ અને નિરાસક્ત દ્રષ્ટિની હિમાયત કરી છે.

- સમસ્યાઓનું ભારતીય સાહિત્યમાં પ્રતિનિધાન

ભારતીય સાહિત્યમાં અભિવ્યક્ત થયેલી મુખ્ય સંવેદનાઓ જોયા પછી ભારતીય સમસ્યાઓ અને એમનું ભારતીય સાહિત્યમાં કેવું પ્રતિનિધાન થયું છે એ જોઈએ. આખાય વિશ્વમાં ભારતીય સમાજની એક વિશિષ્ટતા છે, તે છે જાતિપ્રથા અને કુટુંબ સંસ્થા દહેશતના માર્યા જંગલી જાનવરોનું ટોળું બનાવીને પોતાની સુરક્ષાનો વ્યૂહ તૈયાર કરે છે , તેમ ભારતીય લોકસમાજે પણ જાતિ , ભાષા અને ધર્મની વ્યુહ રચના કરી છે . કોઈ કાળે ટકી રહેવા માટે એ જરૂરી હશે પણ એમાંથી જે જ્ઞાતિવ્યવસ્થા ઊભી થઈ તેને ભારતીય જનજીવનમાં કેટલીક સમસ્યાઓ પણ ઊભી કરી છે . જ્ઞાતિના ધારાધોરણો અને પાંચ -ફેસલાઓનો સ્વીકાર એની લાચારી બની રહ્યા છે . જીવ મળી ગયા હોવા છતાં જ્ઞાતિ ભિન્નતાને કારણે જીવનમાં જોડાઈ ન શકતાં , દુભાતા, હિજરાતા, રીઝાતા, 'મળેલ જીવ'ની ટ્રેજેડી સમાજ નામના નિષેધ પર્વતને કારણે છે . સામાજિક સમસ્યાઓ ભારતની તમામ ભાષાઓના સાહિત્યમાં નિરૂપાયેલી જોવા મળશે . એજ રીતે સંયુક્ત કુટુંબ વ્યવસ્થાને કારણે રિબાતા- રૂંધાતા કુળવધૂના જીવનની જે દાસ્તાન ગોવર્ધનરામની 'સરસ્વતીચંદ્ર'માં જોવા મળે છે.

સમસ્યાઓનું અત્યંત હૃદયદ્રાવક ચિત્રણ ભારતીય સાહિત્યની 'સાત પગલાં આકાશમાં', 'રથચક્ર', 'પ્રથમ પ્રતિશ્રુતિ', ' અમૃતસ્ય પુત્રી', 'સજા', વગેરે કૃતિઓમાં જોવા મળે છે . એક અથવા બીજા કારણે તૂટતાં ઘરની સમસ્યા પણ દારૂણ છે . તેનું ચિત્રણ 'ગૃહદાદ', 'ગૃહભંગ', 'પેક મેડલું', 'સાંજૂઈ ખેડી', 'યાત્રાનો અંત', વગેરે કૃતિઓમાં છે. ભારતીય સમાજમાં નારીની માફક બીજો દલિત-પીડિત વર્ગ છે દલિતોનો. ઊંચનીચ વર્ણ અને સ્પૃશ્ય -અસ્પૃશ્યના ખ્યાલોને કારણે હરીજન -ગિરિજન-આદિવાસી પછાત જાતિઓએ વર્ષો સુધી આ દેશમાં જે દુખ:દર્દ, પીડા અને વેદના ભોગવ્યા છે એ કારણે એમના જે આક્રંદ અને આક્રોશ છે તે ગુજરાતી , હિન્દી અને મરાઠી ભાષાઓના દલિત સાહિત્યમાં, ભંગાળના હંગ્રી જનરેશનના, કર્ણાટકનાં દિગંબરોના, તમિલનાડુના વ્યાઘ્રોના અને આંધ્રપ્રદેશના નક્સલવાદીઓના સાહિત્યમાં વ્યક્ત થયાં છે.

ભારતની વસ્તીનો મોટો ભાગ ગામડાઓમાં વસે છે. ત્યાંના લોકોની સમસ્યાઓનું રૂપ ભારતીય સાહિત્યમાં વિવિધ ભાષાઓમાં સમાનરૂપે આલેખયેલું છે . જેમકે, ગ્રામજીવનને અસર કરતી કુદરતી આપતિઓ , જમીનદાર દેવાદારના પ્રશ્નો, ખેડૂતના શારીરિક- આર્થિક શોષણ, ગ્રામજીવનને દૂષિત કરતું રાજકારણ , ગ્રામ જીવનમાં મૂડીવાદી ઘટકો અને એકમોની ભૌતિક અને વૈચારિક સ્તરે થતી ઘુસણખોરી વગેરે સમસ્યાઓનું યથાર્થ ચિત્ર , 'માનવીની ભવાઈ', 'લીલુડી ધરતી', 'ગોદાન', 'રાગ દરબારી', 'ગણ દેવતા', 'મસલી મણ્ણીગ', 'ગારંબીચા બાપુ', 'લોક દુશ્મન', ' ખેત જાગે', ' નંદાઈ', ' પદબલી', ' ધી વિલેજે', ' કાન્તાપુરા', 'સરાઈ'. 'ઉલ્કા', 'ચેલ્લારા દેવલ્લુ' વગેરે રચનાઓમાં ઉપસ્યું છે. બેકારી અને ગરીબીની સંસ્થા - તેનો વ્યક્તિ કોટુંબિક સબંધો , ગુન્હાખોરી અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર પડતો પ્રભાવ તેની કેટલીક લાક્ષણિક્તાઓ સાથે ભારતીય સાહિત્યમાં નિરૂપાયો છે. આવી સમસ્યાઓ નિરૂપતિ ભારતીય રચનાઓમાં ધ્યાન ખેંચતી કેટલીક આ છે : 'ચક્ર', 'જહાજ કાં પંછી', ' ગલી આગે મૂડતી હે', ' શબ્દાનલ', મુલ્લા પોડુંલું', 'મેં સમ્રાટ હું', 'પ્રતીદ્વંદ્વી', 'જન અરણ્ય'. હિંદુસ્તાન – પાકિસ્તાન રૂપે દેશનું વિભાજન થયું એ ઘટના ભારતીય પ્રજા માટે એક અત્યંત વિશ્રાંતકારક , દુ:ખે અને કમનસીબ ઘટના હતી. એને કારણે જે સમસ્યાઓ ઊભી થઈ હતી – જેવી કે કોમી રમખાણો, ભયગ્રસ્ત હિજરત, ઉન્મૂલિત નિર્વાસિતો તેમની બીક, વેદના અને વ્યથા તેમના પુનર્વસવાટના પ્રશ્નો યથાર્થ ધરા પર 'તમસ', 'જુઠા સચ', 'દો દુનિયા', 'આઝાદી', 'ટ્રેન ટૂ પાકિસ્તાન', 'સુનિતા', 'ગદ્દાર', 'ઓર ઈન્સાન માર ગયા', 'રકતે બદલ રકતા' વગેરે કૃતિઓમાં નિરૂપાયા છે .દેશમાં આઝાદી બાદ જે સમસ્યાઓ વકરી છે , જેવી કે સામાજિક , રાજકીય અને અમલદારી સ્તરનો ભ્રષ્ટાચાર ,રાજકારણનું અપરાધીકારણ, વ્યાપારીકરણ, પોલીસતંત્રની નિષ્ઠુરતા, નિષ્ફળતા અને ક્રૂરતા, સત્તા હાંસલ કરવા માટેની લાલસા અને એ માટેનું કાવાદાવાનું ચિત્રણ તેના યથાતથ સ્વરૂપમાં 'આપને લૉગ', 'રાગ દરબારી', ' ધ એપ્રેન્ટીશ ', 'ધ

ફોરેરેનર', ' મંત્રમ્ ', 'રંગ મહલ ', 'દ્રૌપદી', "મુખ્યમંત્રી', 'સિંહાસન', 'હીરકજયંતી', 'ગાંધીની કાવડ ', 'મોટા અપરાધી મહેલમાં ' વગેરે કૃતિઓમાં થયું છે.

- ભારતીય સાહિત્યમાં ભારતીયતા :

ઈ.સ.1923 માં જર્મન કવિ વિદ્વાન ઓગસ્ટ વિલહેમ વન સ્હલેગલે ' ઇન્ડિયન લિટરેચર (Indian Literature) શબ્દ પ્રયોગ કર્યો હતો. અલબત, તેના મનમાં તેનો અર્થ ' સંસ્કૃત સાહિત્ય' થી વિશેષ ન હતો. મોટા ભાગના પાશ્ચાત્ય વિદ્વાનોએ ' ભારતીય સાહિત્ય' સંજ્ઞા સગવડ માટે, સંક્ષેપ માટે પ્રયોજી છે. તેમાં પ્રાચીન તામિલ-તેલુગુ- મલયાલમ સાહિત્યનો સમાવેશ થયો નથી.

ભારતીય સાહિત્યમાં ભારતીયતાને તપાસતા ડૉ નગેન્દ્ર વિભિન્ન ભારતીય ભાષાઓમાં રચાયેલા સાહિત્યો પ્રતિ આપણું ધ્યાન આકૃષ્ટ કરે છે જેમાં રહેલી એક સમાન વિશેષતાઓને આધારે ભારતીય સાહિત્યની એકતાને પ્રતિપાદિત કરી શકાય. પ્રો વિનાયક કૃષ્ણ ગોકાક પહેલવહેલા ભારતીય સાહિત્યની એ ચેતનાના સંશોધનનો પ્રયત્ન કર્યો જે દ્વારા

'ભારતીય સાહિત્ય' એમ કહેતા આજે ત્રણ અર્થ નીકળી શકે છે :

(1) ભારતીય સાહિત્યનો અર્થ છે સંસ્કૃત સાહિત્ય જેની ખૂબ પ્રાચીન પરંપરા છે અને જેણે આધુનિક ભારતીય સાહિત્ય ને સવિશેષ પ્રભાવિત કર્યું છે ઉપર આપણે જોયું તેમ મોટા ભાગના પાશ્ચાત્ય વિદ્વાનો ભારતીય સાહિત્યનો અર્થ સમજે છે.

(2) ભારતીયો દ્વારા અંગ્રેજી ભાષામાં લખાયેલું સાહિત્ય .

(3) વિવિધ પ્રાંતીય ભાષાઓ હિન્દી , ગુજરાતી ,બંગાળી મરાઠી , તમિલ વગેરેમાં રચાયેલું સાહિત્ય જેમાં વિષય અને ભાવનાની એકસૂત્રતા સ્પષ્ટ જણાતી હોય છે

વાસ્તવમાં સંસ્કૃત તથા વિભિન્ન ભારતીય ભાષાઓમાં રચાયેલા સાહિત્યને આધારે જ ભારતીય સાહિત્યના યથાર્થ સ્વરૂપનો ખ્યાલ આવી શકે છે. ભારતીય સાહિત્ય એક દ્રષ્ટિએ જોઈએ તો એક છે પરંતુ ભારતની પંદર પ્રમુખ ભાષાઓમાં તેની પંદર પ્રકારની અભિવ્યક્તી જોવા મળે છે.

વિવિધ અભિવ્યક્તિઓમાં દ્રષ્ટિગોચર થતી એકરૂપતામાં બે કારણો છે:

(1) એક જ સ્ત્રોતમાંથી પ્રેરણા પ્રાપ્ત કરવી . આ મૂળ સ્ત્રોત છે . સંસ્કૃત સાહિત્ય , મહાકાવ્યો , પુરાણો , જાતકકથાઓ , લોકસાહિત્ય દાર્શનિક સાહિત્ય, કલા અને સંગીત.

(2) લગભગ એકજ પ્રકારની આવેગાત્મક અને બૌદ્ધિક અનુભૂતિઓથી પ્રેરિત સાહિત્ય સર્જન થવું.

ડો. ઇન્દ્રનાથ ચૌધરી કહે છે કે, 'આને પરિણામે આપની સાહિત્યિક પરંપરામાં એક પ્રકારની અતૂટ નિરંતરતા જોવા મળે છે અને સાથે જ આપણી આધુનિકતામાં રહેલી પ્રાચીનતાની પ્રાણશક્તિ સ્પષ્ટ મુખરીત થયેલી જણાય છે '. ( तुलनात्मक साहित्य की भूमिका १९८३) .

આધુનિક સંદર્ભમાં વિચારીએ તો ભારતીય સાહિત્ય પર એક તરફનો પશ્ચિમનો પ્રભાવ પડ્યો છે તો બીજી તરફ નવપ્રકાશમાં પ્રાચીનના પુનનિર્માણ પ્રતિ સાહિત્યકારોનું ધ્યાન ગયું છે . ભારતીય સાહિત્યના આ સમગ્રરૂપને જોતાં એવું લાગે છે કે આપણું સાહિત્ય માત્ર એક દ્રશ્ય જ નહીં , એક પેનોરેમ છે . ઉપરથી નીચે સુધીમાં એમાં ઘણા બધા 'લેન્ડસ્કેપ' છે, પરંતુ આ વિભિન્ન લેંડસ્કેપ હોવા છતાં તેની અનેકતામાં પણ એક સૈદ્ધાંતિક એક્તા છે , જે ભિન્ન સાહિત્યપ્રકારો , રૂપો કે અભિવ્યક્તિઓમાં પ્રતિફલિત થયેલ છે . આપણા સાહિત્યમાં પૌરાણિક કથાઓ, કલાકૃતિના માધ્યમવર્તી સૂરો, પ્રતિકો વગેરેના વિનિયોગમાં એક વ્યાવહારિક સંશ્લેષણ દ્રષ્ટિગોચર થાય છે જે ભારતીય સાહિત્યની ભારતીયતાને ઉજાગર કરે છે . આ ભારતીયતાની ખોજ કરવા માટે આપણે પાંચ હજાર વર્ષના ભારતીય સાહિત્યની તપાસ કરવી પડશે. ભારતીય સાહિત્યમાં ભારતીયતાના આવિષ્કાર માટે સમગ્ર ભારતીય સાહિત્યને સ્વીકારવું પડશે.

ભારતીય સાહિત્યની ભારતીયતા અથવા ભારતની માનસિકતાનું મૂળ સ્વરૂપ , અધ્યાત્મિક, આંતર દ્રષ્ટિમૂલક અને મનોગત છે . આને જ આર્નોલ્ડે 'ભારતની નિષ્કામ દ્રષ્ટી' અને ગટેએ 'વ્યક્તિગત ભાવાવેગથી મુક્ત ભારતીય કલાદ્રષ્ટિ ' કહી છે . આ અનાસક્તિ શરીર પ્રત્યેનું અનાસક્તિનું પરિણામ છે . કારણ કે આપણી ખોજ હંમેશા આત્માની ખોજ રહી છે . એને શરીરેતર વિભાવના પણ કહી શકાય . બીજી બાજુ ભારતીય સર્જક ક્યારેય 'વ્યક્તિગત મન' ના ખ્યાલ થી વિચારતો નથી. તેણે સદા 'સામુહિક મન' પસંદ કર્યું છે. વ્યક્તિથી સમષ્ટિ પ્રતિ ગમનનું તેનું ધ્યેય રહ્યું છે. ભારતીય સાહિત્યના લેખનનું આ કેન્દ્રબિંદુ રહ્યું છે.

ભારતીય સાહિત્યમાં આધ્યાત્મિકતા છે એનો અર્થ એવો નથી કે તે ધાર્મિક કે ધર્મ આધારિત છે . વાસ્તવમાં તે રહસ્યમૂલક છે. તે યોગ અને ભોગને સંયોજવા ચાહે છે . આધ્યાત્મિકતાને સાંસારિક સુખો સાથે સાંકળે છે . કલાપીએ ' ભરત' કાવ્યમાં કહ્યું છે : ' રાગને ત્યાગની વચ્ચે હૈયું એ ઝૂલતું હતું ' કાન્ત પણ 'વસંતવિજય' માં કહે છે : સૌંદર્ય શું? જગત શું ?/ તપ એ જ સાથી . રવિન્દ્રનાથ ઠાકુર ' રૂપસાગરે ડૂબ દિયેછિ અરૂપરતન આશકરિ ' કે 'સીમાર માઝે અસીમ તુમિ બાજઓ આપણ સૂર ' કહે છે. તો હિન્દી કવિ 'નિરાલા' કહે છે: 'ઉસ અસીમ મેં લે જાઓ / મુઝે ન કુછ તું દે જાઓ'. કવિ ઉશનસ પણ 'રૂપના લય' માં કહે છે: 'અમે કોઈ રૂપ ગયા' તા જોઈ:/કયહી કયહી એનાલ ય અહીં આ ઉઘડયા કોઈ કોઈ'.

ભારતીય સાહિત્યનો વસ્તુપક્ષ , રૂપ અને શૈલી એક જ્ઞાત અનુભૂતિને સંચારિત કરે છે કઈ રીતે ઋત સત્યમાં સમાવિષ્ટ થઈ શકે છે . જીવનધારા સરિતાની પેઠે સતત બદલાતી રહે છે પણ સત્યને પામવાની એની મથામણ ચાલ્યા કરે છે . ભારતીય સાહિત્યમાં રહસ્યાત્મક પ્રતીકવાદ જોવા મળે છે . આપણે ત્યાં પ્રાચીનકાળથી ગૂઢ પ્રતીકો અને રૂપકોના ઉપયોગથી કથનને વ્યંજનાત્મક બનાવવાનું વલણ દ્રષ્ટિગોચર થાય છે. મુંડકોપનિષદમાં બે પક્ષીઓનું સરસ રૂપક પ્રાપ્ત થાય છે.

द्रा सुपर्णा सयुजा सरवाया समान व्रुअम प्रिषरयजाते तमोरन्य : पिपलम स्वाद्वत्यंश्नन्यो अभिचाक्शीति ॥ (સાથે સાથે રહેનારા તથા સખા એવા બે પક્ષી એક જ વૃક્ષનો આશ્રય કરીને રહે છે . એમાં એક સ્વાદિષ્ટ મધુર પીપળાનો ભોગ કરે છે અને બીજું ભોગ ન કરતાં માત્ર જોતું રહે છે).

કબીરજી એક પદમાં કહે છે કે ' લાલી મેરે લાલ કી જીત દેખું તિત લાલ /લાલી દેખને મૈં ભાઈ હો ગઈ લાલ ' અથવા વિરોધાભાસીની અભિવ્યક્તિમાં નવું અર્થારોપણ કરી આંતરદ્રષ્ટિમૂલક ભારતીય સાહિત્યના મૂળ સ્વરને વાચા અપાય છે . ઋગ્વેદના નાસદીપ સૂક્તથી માંડી અર્વાચીનયુગમાં રવિન્દ્રનાથ ઠાકુર કે સુબ્રહમણ્યમ ભારતી, મહાદેવી વર્મા, ઉમાશંકર જોશી વગેરે વિવિધ ભારતીય

ભાષાઓના કવિઓમાં એનો અનેકવાર વિનિયોગ થયેલો જોઈ શકાય છે . ક્ષણિકના માધ્યમથી એ વિરાટ શક્તિની શોધયાત્રાને જ ભારતીય દ્રષ્ટિએ આત્માની ખોજ કહી છે.

ડો. ચૌધરી દર્શાવે છે તેમ ભારતીય સાહિત્યમાં વૈચારિક સ્તર પર એવા ત્રણ રૂ ઢિગત પ્રાચીન પ્રતિકોનો ઉપયોગ થયો છે . જેનાથી તેની ભારતીયતા સ્પષ્ટ થાય છે. જે આજના ભારતીય સાહિત્યમાં રવિન્દ્રનાથ, જયશંકર પ્રસાદ, સુબ્રહ્મણ્યમ ભારતી, રાજેન્દ્ર શાહ વગેરેના સાહિત્યમાં પ્રતિફલિત થયેલ જોવા મળે છે. એમાં પહેલું છે વૈદિક માન્યતા, જે મુજબ ' પરમાર્થિક સત્તા' એક માત્ર સત્તા છે જેને પ્રાકૃતિક સત્તા દ્વારા સમજી શકાય છે. બ્રહ્મ અને પ્રકૃતિની બેવડી ભાવનાને વિવિધ રૂપકો દ્વારા સ્પષ્ટ કરાઇ છે . એ ક્યાંક બ્રહ્મ અને પ્રકૃ તિ છે તો ક્યાંક દ્રષ્ટા અને સૃષ્ટિ. ભારતીય સાહિત્યમાં આત્મા અને દેહ જ પુરુષ અને પ્રકૃ તિ છે તેથી દેહનો અહીં પાપબોધ ન થી શિવ-પાર્વતી, કૃષ્ણ-રાધાની પ્રેમલીલાઓને અનૈતિક ગણી નકારવામાં આવતી નથી.

ભારતીય સાહિત્યનું બીજું પ્રાચીન સ્વરૂપ આદર્શવાદનું છે .અહીં સંઘર્ષ બે વ્યક્તિઓ વચ્ચે નથી પણ ઈચ્છા અને આદર્શ વચ્ચે છે . એમાં અંતે આદર્શ વિજયી નીવડે છે. આ અભિગમ હોવાથી ભારતમાં કરુણાંત સાહિત્ય બહુ ઓછું લખાય છે. ભારતીય સાહિત્ય વધુ પડતું આદર્શવાદી છે એનું કારણ એ છે કે અહીં કાળની ગતિ સુરેખ નથી મનાતી. એ ચક્રાકાર છે તેથી વ્યક્તિનું અહીં કદી મૃત્યુ નથી થતું. એ માત્ર શરીરનો ત્યાગ કરી પુન : નૂતન દેહ ધારણ કરવાનું દ્વાર છે . આ રીતે ક્રમ ચાલુ રહે છે . ધર્મ, અર્થ કામની કડીઓ બાદ મોક્ષ ના મળે ત્યાં સુધી. તેથી ભારતીય સાહિત્યમાં ટ્રેજડીનું સંપૂર્ણ જીવનનું ચિત્ર અંકિત થયેલું જોવા મળે છે. રવિન્દ્રનાથે કહ્યું છે તેમ સીમાની મધ્યે અસીમનુ મિલન સાધવાનું ચિત્ર અંકિત હોવાથી જ આ જીવન આટલું મધુર છે.

ભારતીય સાહિત્યમાં માનવતાની પ્રારંભિક રૂપરેખા બહુ ભવ્ય અને વિશિષ્ટ છે . 'મહાભારત' માં કહ્યું છે કે, સૃષ્ટિનું સૌથી મોટું રહસ્ય મનુષ્ય છે. ચંડીદાસે કહેલું,'સબાર ઉપર માનુષ સત્ય , તાહાર ઉપર નાઈ ' આપણા સાહિત્યમાં નાયકપૂજા પાછળનું રહસ્ય એ જ છે કે ભારતીય સાહિત્યકાર મનુષ્યની અસીમ શક્તિ પ્રત્યે પોતાની શ્રધ્ધાનું નિવેદન કરે છે . માનવતાવાદનો ભારતીય ખ્યાલ નૈતિક અને સૌંદર્યગત મૂલ્યો પર આધારિત છે.

આ અખિલ ભારતીય સંવેદના ભારતીય સાહિત્યની વિશેષતા છે જે કેટલાક પ્રા રંભિક મૂલ્યો સંસ્કૃતિ , ઇતિહાસ તથા વિચારધારાઓના વારસા જેવી છે આધુનિક ભારતીય સાહિત્ય ભલે ભિન્ન ભિન્ન ભાષાઓમાં લખાતું હોય પણ તેમાંય એક અખિલ સ્પંદન ને સંવેદન દ્રષ્ટિગોચર થાય છે જેના મૂળમાં ભારત નો સાંસ્કૃતિક ઇતિહાસ અને અનુભવની પ્રાપ્તિઓ જે વાં મૂલ્યો છે. આજના ભારતીય સાહિત્યમાં એક બાજુ ભારતીય ચેતનાનું ચિત્રણ થઈ રહ્યું છે તો બીજી બાજુ મુખ્યત્વે પાશ્ચાત્ય પ્રભાવ તળે આધુનિક ભાવબોધનું આલેખન થઈ રહ્યું છે . આધુનિક યુગના કેટલાક ભારતીય સાહિત્યકારો સામાજિક વાસ્તવ પ્રત્યે પ્રતિબદ્ધ છે . તેમણે માર્ક્સવાદમાંથી પ્રેરણા પ્રાપ્ત કરી છે. કેટલાક આધુનિક સર્જકો અસ્તિત્વવાદે બદલેલી મનોભૂમિકાનું ચિત્ર રજૂ કરે છે.

ડૉ. ઈન્દ્રનાથ ચૌધરી સાચું જ કહે છે , "વાસ્તવમાં, આજની સંપૂર્ણ વિઘટિત સ્થિતિમાં પણ આપણી મૂળ અચેતનતામાં રહેલાં કેટલાંક પ્રાચીન સ્વરૂપોની અભિવ્યક્તિ આજે પણ આપણા સાહિત્યમાં થઈ રહી છે અને એ રીતે આપણા આવેગ , પ્રેમ , ઘૃણા , વ્યાકુળતા સાહિત્યમાં પ્રતિબિંબિત થઈ રહ્યા છે આ અભિવ્યક્તિ આખરે તો મનુષ્ય અને તેના આશાયુક્ત જીવન પ્રતિ પ્રતિબદ્ધ છે . પ્રાચીનકાળની સ્મરણ-વિસ્મરણની કથા પુનઃ નવાં રંગરૂપે ઉપસ્થિત છે એ જ એક પ્રાણશક્તિ નવો દેહ ધારણ કરી લીલા કરી રહી છે . એ જ દર્શન, નવાં

જીવનમાં નવીન દર્શન બની જાય છે . એટલા માટે જ અથર્વવેદમાં કહ્યું છે . – એ જ શાશ્વત સનાતન છે . એ જ પ્રારંભે હતું . તે જ નવસર્જન થયું છે. ચિરંતનતાનો આ ખ્યાલ જ ભારતીય સાહિત્યની મૂળ અવધારણા છે."

સંદર્ભગ્રંથ :


૦૧ દ્રષ્ટિક્ષેપ –પ્રસાદ બ્રહમભટ્ટ

૦૨ ભારતીય સાહિત્ય પરંપરાનો વિસ્તાર-ભોળાભાઈ પટેલ

૦૩ ભારતીય નવલકથા-રમણલાલ જોશી

૦૪ ભારતીય ટૂંકી વાર્તાઓ-ભોળાભાઈ પટેલ

૦૫ જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા-ભરત મહેતા

૦૬ ભારતીય નવલકથા- સં. બિપિન આશર

૦૭ ભારતીય સાહિત્ય- ડૉ નગેન્દ્ર

૦૮ ભારતીય સાહિત્યની ભૂમિકા- ડૉ રામવિલાસ શર્મા

૦૯ ભારતીય સાહિત્ય- કે.સચ્ચિદાનંદ

૧૦ ભારતીય ઉપન્યાસ: કથાસાર- પ્રભાકર માચવે

૧૧ ભારતીય સાહિત્યકારો સે સાક્ષાત્કાર- ડૉ. રણવીર રાંગ્રા

૧૨ ભારતીય સાહિત્ય કા સંક્ષિપ્ત પરિચય- કૃષ્ણલાલ હંસ